### સંસ્કૃતિના નામે ખોટી પ્રવૃત્તિ કરતા સંગઠનો પર રોક લગાવવા એનએસયુઆઈની માંગ

# ABVPના કલ્ચરલ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીના ડાન્સથી યુનિવર્સિટીના સંસ્કાર પર ઉઠ્યા સવાલ

**યુનિ.ના** રજિસ્ટ્રારે આર્ટ્સ ફેકલ્ટીના ડીનને સંપર્ક કરતા ફોન રિસીવ કરવાની તસ્દી પણ ના લીધી

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વિશ્વવિખ્યાત વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં શિસ્તની કહેવાતી પાર્ટીની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા તારીખ 7 થી 9 એપ્રિલ દરમિયાન આયોજિત એક કલ્ચરલ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીના વિવાદાસ્પદ ડાન્સનો વીડિયો વાયરલ થતા યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પર સવાલો ઉઠાવ્યા હતા.

વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં યોજાયેલા સંસ્કાર સંગમ કલ્ચરલ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓનો ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વિવાદ ઉભો થયો છે. સંસ્કારી નગરી તરીકે ઓળખાતા શહેરમાં આ ઘટનાએ યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પર સવાલ ઉભા કર્યા છે. વીડિયો સામે આવ્યા બાદ યુનિવર્સીટીના રજિસ્ટ્રાર ડો.કે.એમ.ચુડાસમાએ આર્ટ્સ ફેકલ્ટીના ડીનનો સંપર્ક સાધ્યો પણ તેઓએ તેમનો ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી ન હતી. મળતી માહિતી મુજબ એબીવીપી દ્વારા સંસ્કાર સંગમ કલ્ચરલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્કૃતિને લજાવે તેવા એક હિન્દી ફિલ્મના ગીત પર વિદ્યાર્થિનીએ જાહેર મંચ ઉપર ડાન્સ કર્યો હતો. આ અંગે એનએસયુઆઈના પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે, એમએસયુએ વિદ્યાનું ધામ છે, મનોરંજન કે અશ્લીલતાનું નહીં. સંસ્કારના નામે યોજાયેલા કાર્યક્રમમાં આવું કૃત્ય અત્યંત શરમજનક છે. અમારી માંગણી છે કે, આ ઘટનામાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવા, સંસ્કૃતિના નામે ખોટી પ્રવૃત્તિઓ કરતા સંગઠનો પર યુનિવર્સિટી કેમ્પસમાં રોક લગાવવામાં આવે અને જો સત્તાધીશો કડક પગલાં લેવામાં નહિ અવેતો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**રજિસ્ટ્રેશન વગર વિદ્યાર્થિનીએ બ્રેક વખતે પર્ફોર્મ કર્યું**

સંસ્કાર સંગમ ફેસ્ટમાં કુલ 140 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેમાં ટ્રેડિશનલ ડાન્સ, નાટક અને વોક જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જોકે, જે વિદ્યાર્થિનીનો વીડિયો વાયરલ થયો છે, તેણે આ કાર્યક્રમ માટે કોઈ રજિસ્ટ્રેશન કરાવ્યું નહતું. તેણી કાર્યક્રમમાં બ્રેક દરમિયાન પોતાની રીતે પર્ફોર્મ કરવા સ્ટેજ પર આવી હતી, જેમાં સંગઠનની કોઈ ભૂમિકા નથી. **- વેદ ત્રિવેદી,** અધ્યક્ષ,એબીવીપી

## LPG સપ્લાય સંપૂર્ણ સ્થિર: ગભરાટમાં બુકિંગ ન કરવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (એમઓપીએનજી)એ દેશભરના એલપીજી ગ્રાહકોને ખાતરી આપી છે કે હાલમાં દેશમાં એલપીજીનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર અને પૂરતો છે . મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે મજબૂત વિતરણ નેટવર્ક દ્વારા દરેક પરિવારે સમયસર સિલિન્ડર ઉપલબ્ધ રહે તેની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સાથે જ નાગરિકોને ગભરાટમાં આવીને અનાવશ્યક બુકિંગ ન કરવા અને જવાબદારીપૂર્વક એલપીજીનો ઉપયોગ ચાલુ રાખવાની વિનંતી કરવામાં આવી છે. હાલમાં લગભગ 95 ટકા ગ્રાહકો આઈવીઆરએસ, એસએમએસ, વોટ્સએપ અને મોબાઈલ એપ્લિકેશન જેવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા એલપીજી બુકિંગ કરી રહ્યા છે. વિતરણ કેન્દ્રો પર ભીડ ટાળવા અને સેવા ઝડપી તથા ખામીરહિત રીતે મળે તે માટે ગ્રાહકોને ઓનલાઈન બુકિંગની સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

## SSGHના કેન્ટીન પાસે 'જાડિયો' તરીકે ઓળખાતા શખ્સનો મૃતદેહ મળ્યો

**એમ્બ્યુલન્સ** સાફ કરી અને સેવ-ઉસળની લારી પર કામ કરી ગુજરાન ચલાવતો હતો

(પ્રતિનિધિ) વડોદરા. તા.12

શહેરની મધ્યમાં આવેલી સયાજી હોસ્પિટલના પરિસરમાં આજે એક પુરુષનો મૃતદેહ મળી આવતા હોસ્પિટલ કેમ્પસમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. ઇમર્જન્સી વોર્ડની બિલકુલ પાછળ અને કેન્ટીનની સામેના ભાગે આ મૃતદેહ મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, આજે ઇમર્જન્સી વોર્ડની પાછળના ખુલ્લા ભાગમાં એક વ્યક્તિ બેભાન સુતેલી અવસ્થામાં મળી આવ્યો હતો. આસપાસના લોકોએ તપાસ કરતા તે મૃત હોવાનું જણાયું હતું. નજરે જોનારાઓના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિનું મૃત્યુ અંદાજે એક કલાક પૂર્વે જ થયું હોવાનું મનાય છે. ઘટનાની જાણ થતા જ એસએસજી હોસ્પિટલનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થાનિક લોકો અને હોસ્પિટલ પાસે નાની-મોટી રોજગારી મેળવતા લોકોમાં આ વ્યક્તિ પરિચિત હતો. જોકે તેનું સત્તાવાર નામ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ તેને લોકો લાડમાં 'જાડિયો' કહીને સંબોધતા હતા. તે હોસ્પિટલમાં આવતી એમ્બ્યુલન્સો સાફ કરવાનું કામ કરતો હતો. હોસ્પિટલની બહાર ઉભી રહેતી સેવ-ઉસળની લારીઓ પર ડિશો ધોવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

હાલમાં હોસ્પિટલ તંત્ર દ્વારા પોલીસને આ બાબતે જાણ કરવામાં આવી છે. મૃતકનું મોત કુદરતી છે કે અન્ય કોઈ કારણોસર, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. પોલીસ હાલ આ વ્યક્તિના વાલી-વારસોની શોધખોળ કરી રહી છે અને અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## એકલવાયું જીવન ગુજારતા યુવાનનું શંકાસ્પદ મોત

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં ગોકુળ પાર્ટી પ્લોટ પાસે આવેલી ઓમ હાઉસિંગ સોસાયટીના સી-55 મકાનમાંથી 30 વર્ષીય યુવક સુરજ સુધાકર નાયરનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી મકાનમાંથી દુર્ગંધ આવતી હોવાથી પાડોશીઓને શંકા જતા પોલીસને જાણ કરી હતી. મૃતકના પિતરાઈ ભાઈએ જણાવ્યું કે, મકાન બંધ હતું અને અંદરથી દુર્ગંધ આવવા લાગી હતી. ઘણી વખત દરવાજો ખટખટાવ્યો, પણ કોઈ જવાબ આવ્યો ન હતો અને દુર્ગંધ વધુ ફેલાવા લાગી હતી, તેથી પાડોશી દ્વારા તરત પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર આવી મકાનમાં તપાસ કરતા સૂરજનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના માતા-પિતા કેટલાક વર્ષો પહેલા ગુજરી ગયા હતા, તેથી તે એકલો જીવન ગુજારતો હતો અને નંદેસરીમાં આવેલી એક ખાનગી કંપનીમાં કામ કરતો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડી મોતનું કારણ જાણવા અંગે આગળની તપાસ હાથધરી છે.

## સરકારી જમીન પર વિકાસ સામે MPCG પોલો ક્લબનો વિરોધ

હાઈકોર્ટમાં મુદ્દો પેન્ડિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરાના રાજમહેલ રોડ પર આવેલી MPCG પોલો ક્લબ (મહારાજા પ્રતાપસિંહ કોરોનેશન જીમખાના) દ્વારા જમીન અને નિયમોના ઉલ્લંઘન મુદ્દે સત્તાવાર પ્રેસ નોટ જાહેર કરવામાં આવી છે. ક્લબે પોતાની માલિકીની તેમજ લીઝ પરની જમીન પર ચાલી રહેલા વિકાસ કામો સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

રાજમહેલ રોડ પર આવેલ સર્વે નં. 1 સરકારી જમીન છે, જે ક્લબને 999 વર્ષની લીઝ પર આપવામાં આવી છે અને વર્ષોથી રમતગમત તેમજ જીમખાનાની પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાઈ રહી છે. ક્લબના જણાવ્યા મુજબ હાલ ચાલી રહેલા વિકાસ કામો સર્વે નં. 2/એના આધારે બતાવવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવમાં તે સર્વે નં. 1ની હદમાં પ્રવેશતા હોવાનું જણાઈ રહ્યું છે.

સિટી સર્વે કચેરીના રેકોર્ડ અનુસાર વિકાસ થતો વિસ્તાર અવિભાજિત જમીનનો ભાગ છે, જેમાં સર્વે નં. 1ના ટીકા નંબર 17 અને 18નો સમાવેશ થાય છે. વિકાસ માટે જે દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે, તેમાં દસ્તાવેજ નં. 669નો સમાવેશ થાય છે, જે કબજા વગરની જમીનના વેચાણ સાથે સંબંધિત હોવાનું સામે આવ્યું છે. ક્લબે આ દસ્તાવેજોની સચોટતા અંગે યોગ્ય તપાસ કરવાની માંગણી કરી છે.આ ઉપરાંત, MGVCLની તપાસમાં એક જ વિસ્તારમાં અનેક HT અને LT વીજ કનેક્શન હોવાની વિગતો સામે આવી છે, જે GERCના નિયમો મુજબ માન્ય નથી. MPCG પોલો ક્લબે સ્પષ્ટતા કરી છે કે તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ વિકાસ કાયદા અને જમીનના નિયમોને અનુરૂપ થવો જોઈએ. હાલ આ સમગ્ર મામલો ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. ક્લબ દ્વારા વર્ષ 2024માં ખાસ એસેટ કમિટી રચવામાં આવી હતી, જેણે VMC રોડ લાઈન અને સિટી સર્વેના સુપરઈમ્પોઝ્ડ નકશાઓના આધારે હકીકતો બહાર લાવવાનો પ્રયાસ કર્યો છે. ક્લબના સત્તાધીશો દ્વારા તમામ પુરાવા સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે અને કાયદેસરની કાર્યવાહી થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

### લોકોની આજીવનની મૂડી સામે બિલ્ડરનો વિશ્વાસઘાત : બિલ્ડરને કોર્ટમાં ઘસડશે

## મકરપુરાના રત્નમ ગ્રીનફીલ્ડમાં પોપડા ઉખડ્યા, રહીશોમાં ભારે રોષ

**દીવાલોમાંથી** પાણી ટપકતા રહેવાસીઓ લાચાર, પીવાના પાણીના પણ ફાંફા



(પ્રતિનિધિ) વડોદરા તા.12

સંસ્કારી નગરી વડોદરામાં મધ્યમ વર્ગના પરિવારો પોતાના સપનાનું ઘર ખરીદવા માટે આજીવનની મૂડી રોકતા હોય છે, પરંતુ મકરપુરા વિસ્તારમાં બિલ્ડરની બેદરકારી અને છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મકરપુરા ડેપોની પાછળ આવેલ 'રત્નમ ગ્રીનફીલ્ડ' પ્રોજેક્ટના બિલ્ડરે રહીશોને તકલાદી બાંધકામ પધરાવી દઈ વિશ્વાસઘાત કર્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહીશોએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, મકાનનો કબજો લીધે હજુ માંડ એક વર્ષ જેટલો સમય પણ વીત્યો નથી ત્યાં તો બિલ્ડરના નબળા બાંધકામની પોલ ખુલી ગઈ છે. મકાનોની દીવાલોમાં અત્યારથી જ ભેજ ઉતરી રહ્યો છે અને ચોમાસા પહેલા જ દીવાલોમાંથી પાણી ટપકવાની સમસ્યા શરૂ થઈ ગઈ છે. રહીશોનો આક્ષેપ છે કે બિલ્ડરે ઊંચા ભાવ વસૂલ્યા હોવા છતાં અત્યંત હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરીને રહેવાસીઓના જીવ જોખમમાં મૂક્યા છે. માત્ર બાંધકામ જ નહીં, પરંતુ પાયાની જરૂરિયાતો બાબતે પણ રહીશો પોતાને છેતરાયા હોવાનું અનુભવી રહ્યા છે. આટલા મોટા પ્રોજેક્ટમાં હજુ સુધી પીવાના શુદ્ધ પાણીની કોઈ વ્યવસ્થિત સુવિધા ઊભી કરવામાં આવી નથી. ગૃહિણીઓએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, નવા મકાનમાં આવ્યા પછી સુખ-શાંતિ મળવાને બદલે પાણી અને રિપેરિંગના પ્રશ્નોએ અમારી ઊંઘ હરામ કરી દીધી છે. વારંવાર રજૂઆત કરવા છતાં બિલ્ડર દ્વારા કોઈ જ સંતોષકારક કામગીરી કરવામાં આવતી નથી.

બિલ્ડરની આવી જોહુકમી સામે હવે 'રત્નમ ગ્રીનફીલ્ડ'ના રહીશોએ આરપારની લડાઈ લડવાનું નક્કી કર્યું છે. સ્થાનિકોએ એકઠા થઈને ચીમકી ઉચ્ચારી છે કે તેઓ આ મામલે રેરા (RERA) માં સત્તાવાર ફરિયાદ નોંધાવવાની સંપૂર્ણ તૈયારી કરી ચૂક્યા છે. આ સાથે જ બિલ્ડર વિરુદ્ધ ગ્રાહક સુરક્ષામાં પણ કેસ દાખલ કરવામાં આવશે જેથી ભવિષ્યમાં કોઈ અન્ય નાગરિક આવા લોભામણા પ્રોજેક્ટનો ભોગ ન બને. ન્યાય ન મળે ત્યાં સુધી આ લડત ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર રહીશોએ વ્યક્ત કર્યો છે.

### પોલો ક્લબ જમીન વિવાદ

## બિલ્ડર રાહીલ જૈને પુરાવા સાથે આક્ષેપો ફગાવ્યા, "બાંધકામ 100 ટકા કાયદેસર"

**પોલો** ક્લબના આક્ષેપોને બિલ્ડરે પાયાવિહોણા ગણાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.12

રાજમહેલ રોડ પર આવેલી પોલો ક્લબ અને 'કુંજ પ્લાઝા' એસ.આર. જે પ્રોજેક્ટ પ્રાયવેટ લી. વચ્ચેના જમીન વિવાદે હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પોલો ક્લબ દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપો સામે બિલ્ડર રાહીલ જૈને મક્કમતાપૂર્વક ખુલાસો કરતા જણાવ્યું છે કે, ક્લબ દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપો પાયાવિહોણા, ખોટા અને જનતાને ગેરમાર્ગે દોરનારા છે.

બિલ્ડર દ્વારા જારી કરાયેલા પત્રમાં જણાવાયું છે કે, આ જમીન (ટીકા નં. બી/17/18, સર્વે નં. 2/એ) વર્ષ 1999માં 'ગાયકવાડ એન્ડ કંપની' પાસેથી કાયદેસર રીતે ખરીદવામાં આવી છે. આ અંગેના નકશામાં મહારાણી શાંતાદેવી ગાયકવાડ, મહારાજા સંગ્રામસિંહ ગાયકવાડ, મહારાણી મૃણાલિનીદેવી પવાર તથા મહારાજા રણજીતસિંહ ગાયકવાડના હસ્તાક્ષરો પણ સામેલ છે, જે તેમની માલિકીની પુષ્ટિ કરે છે.

બિલ્ડરે વધુમાં જણાવ્યું હતું કે, પોલો ક્લબ દ્વારા તેમને હેરાન કરવા માટે વડોદરા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દાવો (રે.મુ.નં. 660/2000) દાખલ કરવામાં આવ્યો હતો, જેનો ચુકાદો બિલ્ડરની તરફેણમાં આવ્યો છે. ત્યારબાદ ક્લબ દ્વારા કરવામાં આવેલી ફર્સ્ટ અપીલ પણ કોર્ટે ફગાવી દીધી હતી. હાલમાં આ મામલો હાઈકોર્ટમાં પેન્ડિંગ છે, પરંતુ કોઈ મનાઈ હુકમ નથી.

રાહીલ જૈને આક્ષેપ કર્યો છે કે પોલો ક્લબ જે સીટી સર્વેની માપણી સીટનો હવાલો આપી રહી છે, તેમાં સ્પષ્ટ લખેલું છે કે આ માપણી માત્ર ક્ષેત્રફળની જાણકારી માટે છે અને તેની કોઈ સરકારી અસર આપવાની થતી નથી. ક્લબ દ્વારા તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવામાં આવતું હોવાથી, હવે બિલ્ડર જૂથ ક્લબ સામે માનહાનિનો કેસ કરવાની પ્રક્રિયા કરી રહ્યું છે.

## માંજલપુરમાં આજે મહાપ્રભુજી ઉત્સવની ભવ્ય શોભાયાત્રા

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં સોમવારે જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પાવન ઉત્સવ નિમિત્તે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વૈષ્ણવ સમાજ માટે આ શોભાયાત્રા વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ શોભાયાત્રામાં વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી પદયાત્રા કરીને જોડાવાના હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહાપ્રભુજી ઉત્સવ નિમિત્તે ૧૦૦થી વધુ વૈષ્ણવો દ્વારા બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરવામાં આવશે, જે પ્રસંગને વધુ પાવન અને ઐતિહાસિક બનાવશે.

શોભાયાત્રામાં વીવાયઓ વુમન્સ વિંગની ૫૦૦થી વધુ બહેનો દ્વારા તૈયાર કરાયેલા ૮ ભવ્ય ફ્લોટ્સ મુખ્ય આકર્ષણ બનશે, જેમાં મહાપ્રભુજીના જીવનચરિત્રનું જીવંત દર્શન કરાવવામાં આવશે. સાથે જ વીવાયઓ યુથ વિંગના યુવાનો પરંપરાગત ધોતી-બંડી વેશભૂષામાં જોડાઈ યાત્રાની ભવ્યતામાં વધારો કરશે.

મહોત્સવના મુખ્ય મનોરથી કૌશિકભાઈ અને રચનાબેન શાહ રહેશે. વૈષ્ણવો માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા સાથે વ્રજધામ સંકુલ ખાતે મહાપ્રભુજીના કેસર સ્નાનનો વિશેષ લાભ પણ આપવામાં આવશે. ઉપરાંત ૫૦૦થી વધુ બાળકો દ્વારા મહાપ્રભુજીના જીવન પર આધારિત વિવિધ ભાવસભર કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

શોભાયાત્રા માંજલપુરના બેન્કર્સ હોસ્પિટલથી પ્રારંભ થઈ તુલસીધામ ચાર રસ્તા અને સરસ્વતી ચાર રસ્તા માર્ગે પસાર થઈ પંચશીલ ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થશે. માર્ગમાં વિવિધ સ્થળોએ ભવ્ય સ્વાગતનું આયોજન કરવામાં આવ્યું છે.

## રેલવે હેરિટેજ મ્યુઝિયમ તા.13થી 18 એપ્રિલ સુધી નિઃશુલ્ક ખુલ્લું રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.12

"વિશ્વ ધરોહર દિવસ"ના અવસરે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા પ્રતાપનગર સ્થિત રેલવે હેરિટેજ મ્યુઝિયમ, રોલિંગ સ્ટોક પાર્ક તથા હેરિટેજ પાર્કને 13 એપ્રિલ 2026થી 18 એપ્રિલ 2026 દરમિયાન જનતા માટે નિઃશુલ્ક ખુલ્લું રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ પ્રેસ નોટ મુજબ, આ સમયગાળા દરમિયાન આ પરિસર દરરોજ સવારે 9:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી મુલાકાતીઓ માટે નિઃશુલ્ક ખુલ્લું રહેશે, જેથી વધુમાં વધુ લોકો ભારતીય રેલવેની ગૌરવશાળી ધરોહરને નજીકથી નિહાળી અને સમજી શકે.

વડોદરા મંડળના વરિષ્ઠ મંડલ યાંત્રિક ઈજનેર શ્રી અનિલ કુમારે જણાવ્યું હતું કે પ્રતાપનગર સ્થિત આ રેલવે હેરિટેજ મ્યુઝિયમ ભારતીય રેલવેની સમૃદ્ધ નેરોગેજ વારસાને સંભાળી રહ્યું છે અહીં પ્રદર્શિત સંગ્રહ માત્ર ઐતિહાસિક મહત્વ ધરાવતા નથી, પરંતુ આવનારી પેઢીને રેલવેના વિકાસ અને તકનીકી પ્રગતિ અંગે માહિતગાર કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હેરિટેજ પાર્ક, મ્યુઝિયમ અને રોલિંગ સ્ટોક પાર્ક દ્વારા આ અમૂલ્ય ધરોહરને સંરક્ષિત કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવે, વડોદરા મંડળ દ્વારા તમામ નાગરિકોને આ અવસરનો લાભ લેવા અને પોતાના પરિવાર તેમજ મિત્રોના સાથે આ ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈને ભારતીય રેલવેની ધરોહર સાથે જોડાવા માટે અનુરોધ કરવામાં આવે છે.

## તુલસી ફાર્મની વાડમાં વીજ કરંટ મૂકતા 12 વર્ષીય બાળકીનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.12

નવાખલ વિસ્તારમાં આવેલા તુલસી ફાર્મમાં ખેતરની રક્ષા માટે મુકવામાં આવેલા વીજ પ્રવાહના કારણે એક ૧૨ વર્ષીય

માસૂમ બાળકીનું કરંટ લાગવાથી કરુણ મોત નીપજ્યું છે. જીવલેણ જોખમ હોવાનું જાણવા છતાં તારની વાડમાં ડાયરેક્ટ વીજ કરંટ છોડવા બદલ પોલીસે ફાર્મ માલિક અને તેના માણસ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નવાખલ ઈન્ડિયન પેટ્રોલ પંપની બાજુમાં રહેતા ગોવિંદભાઈ શનાભાઈ ઠાકોરની ૧૨ વર્ષીય પુત્રી ભાવનાબેન તુલસી ફાર્મ પાસે આવેલી ચીકુની વાડીમાં ચીકુ લેવા માટે ગઈ હતી. આ દરમિયાન તુલસી ફાર્મની ફરતે કરવામાં આવેલી તારની વાડમાં અચાનક અડકી જતાં તેને વીજળીનો જોરદાર ઝટકો લાગ્યો હતો. ગંભીર રીતે દાઝી જવાથી અને કરંટ લાગવાથી બાળકીનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે, તુલસી ફાર્મના માલિક પંકજભાઈ પટેલ અને ફાર્મ સાચવનાર માણસ કનુભાઈ મહિજીભાઈ ઠાકોર (રહે. કિંખલોડ) એ વન્ય પશુઓ કે કોઈને અટકાવવા માટે ઝટકા મશીન સાથે વાડમાં સીધો (ડાયરેક્ટ) વીજ કરંટ ચાલુ રાખ્યો હતો. કાયદાકીય રીતે વાડમાં જીવલેણ કરંટ છોડવો ગુનો છે, અને આરોપીઓ જાણતા હતા કે આનાથી કોઈ માણસ કે પશુનું મોત થઈ શકે છે, તેમ છતાં આ ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી.જે અંગે ગોવિંદભાઈ શનાભાઈ ઠાકોરે ફાર્મ માલિક પંકજ પટેલ અને ફાર્મ સાચવનાર કનુભાઈ મહિજીભાઈ ઠાકોર રહે.કિંખલોડ સામે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પાંચ વર્ષની સુવર્ણ ગાથા વડીલે ગાવી પડી, કાર્યકરોની આંખો છલકાઈ !




**વ**ડોદરાની પાંચ વર્ષની ભાજપ શાસનની "સુવર્ણ ગાથા" હવે આખરે ખુદ ભાજપના જ વડીલ નેતા ભૂપેન્દ્ર લાખાવાલાએ જાહેરમાં ગાઈ દીધી છે – હા, ગાઈ દીધી કે ગાળીને કહી દીધી તે હવે વાચકોએ નક્કી કરવાનું!

પાંચ વર્ષમાં શહેરની ઈમેજ એટલી "ચમકી" ગઈ કે હવે પાર્ટીને કડક નિર્ણય લેવાનો વારો આવ્યો છે. શહેરના રસ્તા હોય કે પ્રોજેક્ટો, આયોજન હોય કે સંચાલન – બધું એટલું "આદર્શ" બન્યું કે કાર્યકરો પણ મનમાં ગર્વથી ભરાઈ ગયા બસ, બોલવાની હિંમત નહોતી!

ભાજપના અનેક સમર્પિત કાર્યકરોના દિલમાં વર્ષોથી જે વાત ઉકળતી હતી, તેને લાખાવાલાએ આખરે બહાર કાઢી દીધી. ફરક એટલો જ કે બીજા કાર્યકરોને હજુ ઘણું "ગુમાવવાનું" છે, જ્યારે લાખાવાલા હવે નિર્ભય બનીને સત્ય બોલી શકે છે. એટલે હવે સત્ય પણ "રિટાયરમેન્ટ પછીનું સ્ટેટમેન્ટ" બની ગયું છે!

સારાંશ એટલો કે શહેરની ઈમેજ બગડતી રહી, કાર્યકરો ચૂપ રહ્યા, અને હવે વડીલો બોલ્યા એટલે બધું નિયંત્રિત અને આયોજનબદ્ધ રીતે જ ચાલ્યું હતું – બસ, પરિણામ થોડું ઉલટું આવી ગયું!

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

### "ઓપરેશન 76: જીત પહેલાં જ 'સમજાવટ'નું સુપર સ્પેશિયલ અભિયાન !"




**ભા**જપે વડોદરામાં તમામ ૭૬ બેઠકો જીતવાનો દાવો એટલો આત્મવિશ્વાસથી કર્યો છે કે હવે જીત નક્કી થાય તે પહેલાં જ બળવાખોરોને મનાવવા માટે ખાસ ટીમ બનાવવી પડી છે. લાગે છે આ વખતે જીત માટે મતદારો કરતાં "મનાવટદારો" વધુ મહત્વના બની ગયા છે!

૫૦થી વધુ નવા ચહેરાઓને ટિકિટ આપ્યા પછી વર્ષોથી મહેનત કરનાર કાર્યકરોમાં નારાજગી ફાટી નીકળે તો તેને "પરિવર્તન" કહેવાય, અને એ જ નારાજ કાર્યકરો અપક્ષ બને ત્યારે તેમને સમજાવવા માટે 'સામ-દામ-દંડ-ભેદ'નો સહારો લેવાય – આને જ કદાચ આધુનિક સંગઠન વ્યવસ્થાપન કહેવામાં આવે છે!

ચર્ચાઓ તો એવી પણ છે કે મજબૂત અપક્ષ ઉમેદવારોને બેસાડી દેવા માટે મોટી ઓફરો અને ચૂંટણી પછી હોદ્દાની ખાતરીઓ આપવામાં આવી રહી છે. એટલે હવે ચૂંટણી મેદાન કરતાં બંધ બારણાંની બેઠકો વધુ વ્યસ્ત થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે.

જાહેરમાં ૭૬માંથી ૭૬ જીતવાનો દાવો અને અંદરખાને "ઈમેજ કંટ્રોલ" માટે દોડધામ – આ બંને વચ્ચેનું અંતર જ કદાચ વડોદરાની હાલની રાજકીય વાસ્તવિકતા બતાવે છે. હવે જોવાનું એટલું જ છે કે જીત મતપેટીમાં થાય છે કે મીટિંગ રૂમમાં!

### "આરટીઇ પ્રવેશ શરૂ સાથે 'ગોઠવણ પ્રવેશ' પણ ચાલુ !"

**ગ**રીબ બાળકોને મફતમાં શિક્ષણ મળે તે માટે આરટીઈ હેઠળ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. પરંતુ શહેરની કેટલીક ખાનગી શાળાઓ માટે આ યોજના હજી પણ "સામાજિક જવાબદારી" નહીં, પણ "પ્રશાસનિક મુશ્કેલી" જેવી લાગે છે. એટલે જ દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીના દરવાજા થોડા વધારે વ્યસ્ત બન્યા હોવાની ચર્ચા ફરી ગરમ છે.

વાલીઓ ફરિયાદ કરે, સંસ્થાઓ રજૂઆતો કરે, નિયમોનો ઉલ્લેખ થાય – છતાં કાર્યવાહીનો ઝડપ એવો ધીમો હોય છે કે જાણે ફાઈલ પણ આરટીઈ કોટામાં જ આગળ વધી રહી હોય!

ચર્ચા તો એવી પણ છે કે કેટલીક શાળાઓમાં આરટીઈ હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સાથે અલગ પ્રકારનું વર્તન કરવામાં આવે છે. ડ્રેસ ચોક્કસ દુકાનેથી, ચોપડા ચોક્કસ જગ્યાએથી, અને નિયમો "લવચીક રીતે" લાગુ – શિક્ષણમાં સમાનતાનો પાઠ ખરેખર સર્જનાત્મક રીતે ભણાવવામાં આવી રહ્યો છે!

હવે જોવાનું એટલું જ છે કે આ વર્ષે આરટીઈ હેઠળ બાળકોને સાચું શિક્ષણ મળશે કે ફરી ગોઠવણોના નવા પાઠ પહેલા પૂર્ણ થશે.

### "ટિકિટ નહીં, ઓફર લિમિટેડ: કોંગ્રેસમાં 'પહેલા ચૂકવો, પછી લડો' યોજના?"

**કો**ંગ્રેસના શહેર સંગઠનમાં ચૂંટણી પહેલા જ "લોકશાહી પ્રક્રિયા" એટલી પારદર્શક બની ગઈ છે કે હવે ટિકિટ માટે મેરિટ નહીં, "મિનિમમ ૫ લાખ" વધુ મહત્વનું માપદંડ બની ગયું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. જીત પછી શું મળશે તે તો ખબર નથી, પણ ટિકિટ પહેલાં કોણ કેટલું આપશે તે સ્પષ્ટ થઈ ગયું છે!

વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો વહાવનાર કાર્યકરો હવે સમજવા લાગ્યા છે કે સમર્પણ, સંઘર્ષ અને જનઆધાર જેવી જૂની વાતો હવે "આઉટડેટેડ મોડલ" બની ગઈ છે. નવી પદ્ધતિ સરળ છે – રકમ ભરો અને નામ લિસ્ટમાં જુઓ!

આંતરિક ચર્ચાઓ તો એવી પણ છે કે કેટલાક મજબૂત સ્થાનિક દાવેદારોને જાણીને સાઈડલાઈન કરવામાં આવ્યા, કારણ કે તેઓ "યોગ્યતા" તો ધરાવતા હતા, પણ "યોગ્ય વ્યવસ્થા" નહોતી કરી શક્યા. પરિણામે પક્ષ જીતે કે હારે તે પછીની વાત, પરંતુ કહેવાતા 'નેતાજી' પહેલેથી જ રાજકીય રીતે "સેટ" થઈ ગયા હોવાની ચર્ચા ગરમ છે.

હવે સવાલ એ છે કે ચૂંટણી મેદાનમાં મતદારો જીતશે કે પહેલેથી જ થયેલા "વહીવટ"? જવાબ કદાચ પરિણામ પહેલાં જ ઘણા લોકોને સમજાઈ ગયો છે!

### "મતદાન પહેલાં જ જીતની તૈયારી? હવે સ્ક્રુટિનીમાં જ 'ક્લીન સ્વીપ'!"

**ભા**જપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણી કદાચ મતદાનથી નહીં, પરંતુ ફોર્મ ચકાસણીથી જ જીતવાની નવી પરંપરા શરૂ થવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. ૧૩ તારીખની સ્ક્રુટિની પહેલાં જ રાજકીય ગલિયારાઓમાં એવી હવા ફેલાઈ છે કે મજબૂત અપક્ષ અને નારાજ પૂર્વ કાઉન્સિલરોના ફોર્મમાં "ટેકનિકલ ખામીઓ" શોધવાની પ્રક્રિયા પહેલેથી જ ઝડપી થઈ ગઈ છે. ચર્ચા તો એવી પણ છે કે કયા વોર્ડમાં કેટલા ફોર્મ રદ થવાના છે તેની "પૂર્વ તૈયારીઓ" પણ થઈ ગઈ છે. મતપેટી સુધી પહોંચે તે પહેલાં જ પ્રતિસ્પર્ધીઓને રસ્તામાંથી હટાવવાની આ નવી રાજકીય કાર્યપદ્ધતિ ખરેખર સમય બચાવનારી સાબિત થઈ શકે!

ખાસ કરીને બળવાખોર ઉમેદવારોમાં એવી ભીતિ છે કે ચૂંટણી મેદાનમાં લડાઈ કરતાં પહેલાં જ વહીવટી મેદાનમાં મેચ પૂર્ણ થઈ શકે છે. જો આવું થશે તો પરિણામ જાહેર થવા પહેલાં જ પરિણામ સમજાઈ જશે – લોકશાહી માટે આટલી ઝડપી સેવા ખરેખર પ્રશંસનીય ગણાય! હવે સૌની નજર ૧૩ તારીખ પર છે – ફોર્મ સાચા ઠરશે કે રાજકીય ગણિત? જવાબ કદાચ સ્ક્રુટિની રૂમમાંથી જ બહાર આવી જશે.